1. શાંતિ એટલે શું ?

➢ શાંતિ એ સમાજની એવી અવસ્થા છે. જેમાં આંતરિક રૂપે તેના સભ્યો તથા બાહ્યરૂપે તેના અન્ય સમુદાયો સાથેના સંબંધોમાં વ્યવસ્થા અને ન્યાયનો પ્રભાવ વર્તાતો હોય છે.

2. યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા કોઈ બે શરતો જણાવો.

➢ યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા માટેની જરૂરી શરતોમાં, (1) જયારે રાજયની એક્તા અને અખંડિતતા સામે બાહ્ય પડકાર ઊભો થાય ત્યારે. (2) અન્ય રાજય યુદ્ધ માટે ભારે ધાતકશસ્ત્રો વિકસાવવી રહ્યું હોય ત્યારે યુદ્ધ જરૂરી બને છે.

3. નિઃશસ્ત્રીકરણ એટલે શું ?

➢ નિઃશસ્ત્રીકરણ એટલે "માનવજાત માટે અતિ હાનીકારક એવા અણુપરમાણુશસ્ત્રો તથા રાસાયણિક અને જૈવિકશસ્ત્રો ક્રમશઃ ઘટાડીને છેવટે તેનો નાશ કરવાની પ્રક્રિયા."

4. ટકાઉવિકાસ એટલે શું?

➢ જયારે વિકાસ પ્રકૃતિ સાથે સંવાદિત હોય એટલે કે પ્રકૃતિનું વધુ પડતું શોષણ થતું ન હોય અને તે લોકકેન્દ્રી અને લોકાભિમુખ હોય, તમામ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષતી હોય તથા વર્તમાન અને ભાવિપેઢીના હિતો વચ્ચે સંતુલન જાળવતો હોય તો તેવા વિકાસને ટકાઉ વિકાસ કહે છે.

5. વિશ્વશાંતિ એટલે શું?

➢ વિશ્વશાંતિએ વિશ્વના અલગ અલગ રાષ્ટ્ર અને વ્યક્તિઓ વચ્ચેની આંતરીક સ્વતંત્રતા, શાંતિ અને આનંદનો એક આદર્શ છે. વિશ્વશાંતિ સમગ્ર પૃથ્વી પર જોવા મળતી હિંસાઓ દૂર કરવાનું એક માધ્યમ છે. જેના ભાગરૂપે રાષ્ટ્રોને સ્વચ્છિ રીતે કે તેઓની શાસન વ્યવસ્થાના ભાગરૂપે શાંતિની સ્થાપના માટે સહકાર આપે છે કે, જેથી યુદ્ધોને અટકાવી શકાય.

6. સર્વગ્રાહી વિકાસનું આધુનિક મૉડેલ કોને કહે છે ?

➢ પર્યાવરણના ભોગે કોઈ વિકાસ નહી, તમામ લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય તથા સમાજ અને રાજયોનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય વિકાસ થાય તો તેને સર્વગ્રાહી વિકાસ કહે છે.

7. વર્તમાન અને ભાવિ પેઢી વચ્ચે વિકાસના દાવાનું સંતુલન ક્યારે થાય ?

➢ વર્તમાન પેઢી તેના હિતો માટે કુદરતી સંપત્તિનો એવી રીતે ઉપયોગ કરે જેથી ભાવિ માનવ પેઢીના હિતોની જાળવણી થઈ શકે તો જ વિકાસના દાવાનું સંતુલન થઈ શકે છે.

8. નાગરિકના સર્વતોમુખી વિકાસ માટે શું જરૂરી છે?

➢ નાગરિકના સર્વતોમુખી વિકાસ માટે રાજયમાં આંતરિક અને બાહ્ય ને શાંતિ જળવાય તે જરૂરી છે.

9. પ્રો.ક્વીન્સે આપેલી શાંતિની વ્યાખ્યા લખો.

➢ પ્રો.ક્વીન્સ રાઈટના જણાવ્યા મુજબ, "શાંતિએ સમાજની એવી અવસ્થા છે, જેમાં આંતરિક રૂપે તેના સભ્યો તથા બાહ્ય રૂપે તેના અન્ય સમુદાયો સાથેના સંબંધોમાં વ્યવસ્થા અને ન્યાયનો પ્રભાવ વર્તાતો હોય છે."

10. ગાંધીજી શેના વગર જીવી શકતાં ન હતાં?

➢ ગાંધીજી સત્ય અને અહિંસા વગર જીવી શકતાં ન હતાં.

11. કાર્લ માકર્સના શાંતિ વિશેના વિચારો સ્પષ્ટ કરો.

➢ કાર્લ માર્ક્સના મતે એક વ્યક્તિનું બીજી વ્યક્તિ દ્વારા તથા એક રાષ્ટ્રનું બીજા રાષ્ટ્ર દ્વારા શોષણ અટકશે ત્યારે જ શાંતિ સ્થપાશે.

12. રાષ્ટ્રસંઘની સ્થાપના માટે કોનું યોગદાન અમુલ્ય છે?

➢ રાષ્ટ્રસંઘની સ્થાપના માટે યુ.એસ.ના રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સનનું યોગદાન અમુલ્ય છે.

13. પ્રો. ગાર્ગે સમાજગત હિંસાના કયા ચાર લક્ષણો દર્શાવ્યા છે ?

➢ પ્રો. ગાલ્ગે સમાજગત હિંસાના દર્શાવેલ લક્ષણો. (1) શોષણ, (2) બળજબરીપૂર્વક પ્રવેશ, (3) ભાગલા પાડવા, (4) એક તરફ હાંસિયામાં) ધકેલવું.

14. યુદ્ધ કોના માટે અભિશાપરૂપ છે?

➢ યુદ્ધ માનવજાત અને માનવસંસ્કૃતિ માટે અભિશાપરૂપ છે.

15. પ્રાચીન ભારતના કયા સાહિત્યમાં યુદ્ધનું ચિંતન સ્પષ્ટ થાય છે?

➢ પ્રાચીન ભારતના મહાકાવ્યો રામાયણ અને મહાભારતમાં યુદ્ધનું ચિંતન સ્પષ્ટ થાય છે.

16. "ધર્મયુદ્ધ" કોને કહેવાય છે?

➢ જયારે "અધર્મ"નો નાશ કરવા અને 'ધર્મ'ની સ્થાપના કરવા યુદ્ધ કરાય તો તે ધર્મયુદ્ધ છે.

17. સિરિયા અને ઈરાકમાં થતી હિંસા માટે જવાબદાર સંગઠન કર્યુ છે?

➢ ઈસ્લામિક સ્ટેટ નામનું સંગઠન. (ISISI)

18. યુ.એસ.એ.ના પ્રમુખે ત્રાસવાદ વિરુદ્ધ યુદ્ધ કેમ જાહેર કર્યું?

➢ અમેરિકાના પેન્ટેગાન અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરના ત્રાસવાદી હુમલાને કારણે ત્રાસવાદ વિરૂદ્ધ યુદ્ધ જાહેર કર્યું.

19. વિશ્વયુદ્ધનો અંત કયા કારણોસર આવ્યો?

- અમેરિકાએ જાપાનના હિરોશિમા અને નાગાસાકી પર અણુબોંબ ફેકતા બીજા વિશ્વ યુદ્ધનો અંત આવ્યો.

20. અણુશસ્ત્રોના ઉત્પાદકો કઈ બાબતોને પ્રોત્સાહન આપે છે?

- અણુશસ્ત્રોના ઉત્પાદકો તેની પેદાશની બજારની શોધ માટે વિકાસશીલ નવોદિત રાજયો વચ્ચે નાનાંમોટાં યુદ્ધોને પ્રોત્સાહન આપે છે.

21. અણુશક્તિપંચમાં કેટલા રાષ્ટ્રો સભ્ય બન્યા છે ?

- અણુશક્તિપંચમાં (1959) 10 સભ્યો અને ત્યારબાદ અન્ય 18 નવા રાષ્ટ્રો સભ્યપદ ધરાવે છે.

22. 1974માં અણુસત્તા ધરાવતા બે મહાસત્તાઓ વચ્ચે કઈ સંધિ થઈ?

- 1974માં સોવિયત સંઘ અને યુ.એસ.એ. વચ્ચે અણુશસ્ત્રના ભૂગર્ભ પ્રયોગો ઉપર મર્યાદા મૂકવા અંગે સંધિ થઈ.

23. કયા કારણોને લઈ વિશ્વ એક નાનકડા ગામમાં ફેરવાઈ રહ્યું છે ?

- ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ, ઈન્ફર્મેશન ટેક. તથા હવાઈ સેવાના ઝડપી વિકાસને કારણે વિશ્વ એક ગામમાં ફેરવાઈ ગયું.

24. ઔદ્યોગિક ક્રાંતિને પગલે કઈ પ્રક્રિયા શરૂ થઈ?

- આધોગિક ક્રાંતિને પગલે વિશ્વ માં ઔદ્યોગિકીકરણ, આધુનિકીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા શરૂ થઈ.

25. સમાજમાં સમાનતા લાવવા શું કરવું જરૂરી છે?

- સમાજના તમામ લોકોને જાહેર પ્રશ્નોનો નિર્ણય ઘડતરમાં ભાગીદારી અપાય તો જ રાજકીય સમાનતા અને તેની સાથે આર્થિક સમાનતા લાવી શકાય છે.

26. ક્યા અહેવાલે વિશ્વમાં વિકાસ અને પર્યાવરણ અંગે મોટી ચર્ચા જગાડી છે ?

- ઈ.સ. 1972માં ‘ક્લબ ઓફ રોમ’ નામના NGO એ ‘ધ લિમિટ ટુ ગ્રોથ’ નામે પ્રસિદ્ધ કરેલ અહેવાલે પર્યાવરણ અને વિકાસ અંગે ચર્ચા જગાડી.

27. ટકાઉ વિકાસ કોના માટે મહત્ત્વનું છે?

- માનવજાત અને સમગ્ર જીવસૃષ્ટિ તથા વિશ્વશાંતિ માટે ટકાઉ વિકાસ મહત્ત્વનું છે.

28. “આપણું સામાન્ય ભવિષ્ય” નામના અહેવાલમાં શી અપીલ કરાઈ છે?

- “આપણું સામાન્ય ભવિષ્ય” નામના અહેવાલમાં વિકાસશીલ અને વિકસીત તમામ રાજયોને સૃષ્ટિ સમતુલા જાળવીને વિકાસ કરવાની અપીલ કરાઈ છે.

29. વિશ્વ બેંકે તેના 2013ના અહેવાલમાં કોને સમર્થન આપ્યું છે?

- વિશ્વ બેંકે તેના 2013ના અહેવાલમાં ટકાઉ માનવ વિકાસનું સમર્થન આપ્યું છે.

30. વિશ્વશાંતિમાં સંચાર માધ્યમો કેવી રીતે યોગદાન આપી શકે છે?

- વિશ્વશાંતિ માટે સંચાર માધ્યમોએ નીડરપણે તથા તટસ્થ રીતે ઘટનાઓ અને સમસ્યાઓને પ્રસારિત પ્રકાશિત કરવી જોઈએ.